સાપ્તાહિક

# ક્રાઈમ કિંગ

CRIME KING (weekly)

EDITOR : NIKITA R. SAXENA

(MO) 98796 16556

E-mail : crimekingnews.gmail.com

RNI NO : GUJGUJ/2014/56392

PRINTED MATTER

To,

✱ AT : 45, KONARAK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SARBARMATI, AHMEDABAD - 380019.

* YEAR : 10 * Issue No.12 * Date : 07-07-2023 * Friday * Page No. 4 Rs. 01.00 * Annual Rs.50/-

# રાજ્યમાં આગામી પાંચ દિવસમાં ચોમાસુ ફરીવાર જમાવટ કરશે

અમદાવાદ,

ગુજરાતમાં ચોમાસાની સારી શરૂઆત થાય બાદ હાલ વરસાદે વિરામ લીધો છે. ત્યારે હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન ફરી ચોમાસુ જામવાની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી પાંચ દિવસમાં સૌરાષ્ટ્ર અને દક્ષીણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. સાથે સમગ્ર ગુજરાતમાં હળવાથી સામાન્ય વરસાદની વરસી શકે છે. નોંધનીય છે કે ગુજરાતમાં અત્યાર સુધી જેટલો વરસાદ થવો જોઈએ તેનાથી વધુ વરસાદ વરસી ચુક્યો છે. સુરત શહેરમાં વરસાદનો બીજો રાઉન્ડ આજથી જ શરુ થઇ ગયો છે. આજે વહેલી સવારે શહેરમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો. સુરત શહેરમાં સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો હતો. ગઈકાલે બપોર બાદથી સુરતમાં ઉકળાટ ભર્યું વાતાવરણ હતું આજે વહેલી સવારે વીજળીના ચમકારા સાથે વરસાદ શરૂ થઈ ગયો હતો. જેને કારણે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી ગઈ છે.

હવામાન વિભાગે આપેલી માહિતી મુજબ આગામી પાંચ દિવસ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ રહેવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે અને તોફાની વરસાદ થવાની શક્યતાઓ છે. આ ઉપરાંત ગુજરાતભરમાં હળવાથી સામાન્ય વરસાદ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આજે પણ કેટલાક ભાગોમાં ભારે વરસાદ થવાની સંભાવનાઓ છે. કચ્છમાં પણ ભારેથી અતિ ભારે અને અતિથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ૭મી અને ૮મી જુલાઈના રોજ સૈથી વધુ વરસાદ વરસી શકે છે. ૭મીએ દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના ભાગોમાં અતિભારે વરસાદ થઈ શકે છે. ૮મી જુલાઈના રોજ ઉત્તર ગુજરાત તથા ઉત્તર સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પાંચ દિવસ નાતે માછીમારોને ચેતવણી આપવામાં આવી છે. માંડવી, મુંદ્રા, ન્યૂ કંડલા,



નવલખી, જામનગર, સલાયા, ઓખા, પોરબંદર, દ્વારકા, વેરાવળ, દીવ, પીપાવાવ, વિક્ટર, ભાવનગર, અલંગ, ભરૂચ, દહેજ, મગદલ્લા, દમણના માછીમારોને ચેતવણી આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં પણ ભારે વરસાદની શક્યતાઓ છે. અમદાવાદમાં ૭મી અને ૮મી તારીખ દરમિયાન ભારે વરસાદ થવાની શક્યતાઓ છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં છેલ્લા કેટલાક દિવસથી ધોધમાર વરસાદ વરસ્યો હતો. બે દિવસથી અમદાવાદ સહિતના વિવિધ વિસ્તારમાં વરસાદે વિરામ લીધો છે. ધોધમાર વરસાદથી અનેક વિસ્તારો બેટમાં ફેરવાયા હોવાથી છતાં મંગળવારે વાતાવરણમાં બફારો અને ઉકળાટ વધતાં લોકો તોબાહ પોકારી ઊઠયાં હતા.

અસહ્ય ઉકળાટના કારણે શહેરીજનો બપોર અને સાંજના સમયે પરસેવે રેબઝેબ થયા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૩૫.૩ ડિગ્રી આસપાર અને લઘુત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી આસપાસ નોંધાયું હતું. વરસાદી માહોલના કારણે રાજ્યનાં મોટાભાગના શહેરોનું મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીથી નીચે અને લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રીથી નીચે આવી ગયું હતું. અમદાવાદ શહેરમાં બે દિવસથી વરસાદે વિરામ લીધો છે પરંતુ વાતાવરણમાં હજુ ભેજનું પ્રમાણ યથાવત્ છે. તાપમાનનો પારો ગગડતાં કાળઝાળ ગરમી ઘટી ગઈ હતી. પરંતુ બફારો અને ઉકળાટ વધતાં લોકોના શરીર પરથી પરસેવાના રેલા ઉતરવા લાગ્યાં હતા.

# વૈજ્ઞાનિકોએ રેકોર્ડ કર્યો વિશ્વનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ

નવી દિલ્હી,

આ પ્રથમ વખત છે જ્યારે વૈશ્વિક સરેરાશ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસથી ઉપર નોંધાયું છે. વૈજ્ઞાનિકો માને છે કે અલ નિનો કુદરતી હવામાન ઘટના અને માનવીઓમાંથી કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનનું મિશ્રણ ગરમીનું કારણ બની રહ્યું છે. ગયા મહિને વિશ્વનો અત્યાર સુધીનો સૌથી ગરમ જૂન મહિનો હોવાનું પણ સમર્થન મળ્યું છે. વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં દરિયાની સપાટીના તાપમાનમાં વધારો થવાની ઘટનાને 'અલ નિનો' કહેવામાં આવે છે. યુએસ નેશનલ સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ પ્રિડિક્શનના વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે ૩ જુલાઈના રોજ વિશ્વનું સરેરાશ તાપમાન ૧૭.૦૧સે પર પહોંચી ગયું હતું, જે ઓગસ્ટ ૨૦૧૬થી અત્યાર સુધીના ૧૬.૯૨ ના અગાઉના રેકોર્ડને તોડી નાખે છે. આ વર્ષની શરૂઆતથી જ સંશોધકો જમીન અને સમુદ્રમાં વધતા તાપમાનને લઈને ચિંતિત છે. સ્પેન અને એશિયાના ઘણા દેશોએ ગરમીના રેકોર્ડ બનાવ્યા છે અને ઉત્તર સમુદ્ર જેવા સ્થળોએ હીટવેવનો અનુભવ થયો છે કે જ્યાં સામાન્ય રીતે ગરમી પડતી નથી. ચીન હાલમાં તીવ્ર હીટવેવનો સામનો કરી રહ્યું છે અને કેટલાક સ્થળોએ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી ગયું છે. બીજી તરફ દક્ષિણ અમેરિકામાં પણ ગૂંગળામણની સ્થિતિ યથાવત છે. ૧૯૭૯માં સેટેલાઇટ મોનિટરિંગ રેકોર્ડ્સ શરૂ થયા પછી સોમવારનું તાપમાન સૌથી ગરમ હતું. નિષ્ણાતો માને છે કે ૧૯મી સદીના અંતમાં ઈન્સ્ટ્રૂમેન્ટલ રેકોર્ડ્સ શરૂ થયા પછી આ સૌથી વધુ હતું.

સંશોધકો માને છે કે નવું મહત્તમ તાપમાન કુદરતી ઘટના અલ નીનો અને કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનનું સંયોજન છે. સમાચાર અનુસાર આબોહવા સંશોધક લિયોન સિમોન્સે કહ્યું, 'અમારી પાસે વિશ્વસનીય રેકોર્ડ મળ્યા બાદ પહેલીવાર સરેરાશ વૈશ્વિક સપાટીનું હવાનું તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે.' તેમણે કહ્યું કે હવે જ્યારે અલ નીનોનો ગરમ તબક્કો શરૂ થઈ રહ્યો છે, ત્યારે અમે આગામી ૧.૫ વર્ષમાં મોટા પાયે દૈનિક, માસિક અને વાર્ષિક રેકોર્ડ તૂટવાની આશા રાખીએ છીએ.

# પાસવાન સરકારી નોકરી છોડી પોતે બની ગયા સરકાર

નવી દિલ્હી,

૫ જૂલાઈ એ લોક જનશક્તિ પાર્ટીના સ્થાપક અને દિવંગત ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાનની જન્મજયંતિ છે. દેશના અગ્રણી દલિત નેતાઓમાં તેમનું નામ સામેલ હતું. તેઓ એવા નેતા હતા જેમણે સરકારી નોકરી છોડીને 'સરકાર' બનવાનું નક્કી કર્યું. બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવે એકવાર કટાક્ષમાં રામવિલાસ પાસવાનને 'રાજનીતિના હવામાનશાસ્ત્રી' કહ્યા હતા, ત્યારપછી આ ટેગ તેમની સાથે જ રહ્યું હતું. ૨૦૦૯ની લોકસભા ચૂંટણીના લગભગ ત્રણ મહિના પહેલા તત્કાલિન કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાને RJDના વડા લાલુ પ્રસાદ યાદવને બિહારમાં કોંગ્રેસને કેટલીક વધુ બેઠકો આપવાનું સૂચન કર્યું હતું. તેમને ડર હતો કે જો આમ નહીં થાય તો યુપીએમાંથી બહાર ફેંકાઈ જવાનો ખતરો છે. તે સમયે લાલુ પ્રસાદ યાદવ યુપીએ-૧ સરકારમાં રેલવે મંત્રી હતા. લાલુ યાદવે તેમના કેબિનેટ સહયોગી રામવિલાસ પાસવાનના સૂચન પર ધ્યાન આપ્યું ન હતું. ૨૦૦૯ની લોકસભા ચૂંટણીના પરિણામો આવ્યા ત્યારે લાલુ યાદવની આરજેડીને ભારે નુકસાન થયું હતું. રામવિલાસ પાસવાન પણ હાજીપુરથી હારી ગયા હતા. પાસવાનની આગાહી મુજબ કોંગ્રેસ સતત બીજી વખત સત્તામાં આવી હતી. ત્યારથી લાલુ યાદવે રામવિલાસ પાસવાનને હવામાનશાસ્ત્રી કહેવાનું શરૂ કર્યું હતું,

## તંત્રી લેખ...

# ચીન મોકલાનારા એક લાખ વાનરોનો સોદો છેલ્લે કેન્સલ

ભારત સરકારે ગયા અઠવાડીયે જીવતા પશુધનની નિકાસનો વિવાદ બીલ પાછું ખેંચતા ઠંડો પડી ગયો હતો. ભારતના પશુ પ્રેમીઓને એવો ડર હતો કે ચીન જેવો દેશ તેના પર પ્રયોગો કરીને આખી નસ્લ ખતમ કરી શકે છે. જેવું ભારતમાં પશુધન માટે થયું એવુંજ શ્રીલંકામાં વાંદરાઓ માટે થયું હતું. જેમ ભારતમાં વાંદરાની વધતી વસ્તી સમસ્યા ઉભી કરી રહી છે એવુંજ શ્રીલંકામાં થતું હતું. શ્રીલંકાના પશુ પ્રેમીઓએ લડત શરૂ કરીને ઠેઠ કોર્ટ સુધી મામલો પહોંચાડી દીધો હતો અને અંતે જીત પણ મેળવી હતી. ભારતમાં જીવતા પશુધનની નિકાસ માટેના બીલનો જૈન સમુદાય અને પશુપ્રેમીઓએ તેમજ પર્ર્યાવરણ વાદીઓએ જોરદાર વિરોધ કર્યો હતો. જૈન સમુદાયના મુનિઓ અને શ્રેષ્ઠીઓની મોદી સરકાર પર વગ હોવાના કારણે વિવાદાસ્પદ બીલ પાછું ખેંચાયું હતું. શ્રીલંકામાં આર્થિક સ્થિતિ બેહાલ છે. તે કોઇ પણ રીતે પૈસા ઉભા કરવા માંગે છે. માટે શ્રીલંકાએ વાંદરાની નિકાસ માટે તૈયારી બતાવી હતી.

ગયા એપ્રિલમાં શ્રીલંકાના કૃષિ પ્રધાને જાહેરાત કરી હતીકે શ્રીલંકાના એક લાખ વાંદરા ચીન મોકલી આપવામાં આવશે.ચીન ખાઉધરો દેશ છે. પૃથ્વી પરના  દરેક જીવોને તે કાચા પાકા આરોગે છે. મગરથી માંડીને જીવતા દેડકા આરોગતો આ દેશ વાંદરાને પણ ખોરાક તરીકે ઉપયોગમાં લેવાનું હશે એમ પહેલી નજરે લાગતું હતું. પરંતુ ચીનનું નાટક કોઇ બીજીજ દિશામાં ચાલતું હતું.

શ્રીલંકાના વાંદરા ટોક મકાક પ્રજાતિના છે. ચીન ધારેતો તેમાંથી એવી પ્રજાતિ બનાવી શકે કે તે વાંદરા દ્વારા બેક્ટેરિયા ફેલાવીને ઉભા પાકનો નાશ કરી શકે. શ્રીલંકામાં આવા ૩૦ લાખ વાંદરા છે. આ વાંદરા ખેતીને ઘણું નુકશાન કરે છે. તેમાંથી માત્ર એક લાખ ચીનને વેચવાના હતા. સોદો ફાઇનલ સ્ટેજમાં હતો ત્યારે પશુપ્રેમીઓએ કોર્ટને કહ્યું કે તમે ચીનને પૂછો તો ખરા કે આ વાંદરાનો તમે ઉપયોગ શું કરશો?

કહે છે કે ચીન કોઇ જવાબ આપી શક્યું નહોતું કેમકે તેની મેલી મૂરાદ શ્રીલંકાના પર્યાવરણવાદીઓની નજરમાં આવી ગઇ હતી. પહેલાં ચીને એમ કહ્યુંકે અમારા પ્રાણી સંગ્રહાલયો માટે વાંદરાની જરૂર છે. પરંતુ એકજ જાતિના વાંદરા માંગીને ચીન ખુલ્લું પડી ગયું હતું.ચીનમાં મગર સહીતના દરેક પ્રાણીઓના ફાર્મ હોય છે.

ભારતમાંથી અપ્રાપ્ય જીવો ચીન દાણચોરી મારફતે મેળવે છે. મોટા ભાગના પ્રાણીઓ મેડિકલ સંશોધનમાં વપરાય છે. દરેક પ્રાણી પર પ્રયોગો થાય છે. તેમને રીબાવવામાં આવે છે. સસલાની આંખમાં ઇન્જેક્શન કે ભૂંડના નવજાત બચ્ચામાં પ્રોટીન વધારવા ઇન્જેક્શન જેવા અનેક પ્રયોગો કરાય છે. અનેક વાર ચીન પ્રાણીઓ પરની યાતના બાબતે ખુલ્લું પડી ગયું છે. આ પ્રાણીઓનો મૂંગો ચિત્કાર કોઇના કાન સુધી પહોંચતો નથી.

પશુપ્રેમીઓ અને પર્યાવરણ વાદીઓ પ્રશંસા ને પાત્ર છે. તેમની સાથે સંકળાયેલા સ્કોલરોના સંશોધને પર્યાવરણ અને પશુધનને બચાવતા આવ્યા છે. કેન્દ્ર સરકારમાં બેઠેલા કેટલાક તત્વો લાંબુ વિચારવાના બદલે કોઇની વાતોમાં આવીને ફટોફટ નિર્ણયો લેતા હોય છે.

અને પછી પસ્તાય છે. મૂંગા જીવો વતી બોલનારા અનેક સંગઠનો છે. ભારતનું જીવતું પશુધન અને શ્રીલંકાના વાંદરા હાલમાંતો ચીનના હાથમાં જતા બચી ગયા છે. પરંતુ આર્થિક રીતે નબળા એવા પાકિસ્તાન અને શ્રીલંકા જેવા દેશો ચીનની મનમાનીમાંથી બચી શકશે નહીં.

# કારખાનાની ઓરડીમાંથી મહિલાની કોહવાયેલી હત્યા કરાયેલી લાશ મળી

રાજકોટ,

રાજકોટ શહેરના કોઠારિયા સોલવન્ટ વિસ્તારમાં કારખાનાની ઓરડીમાંથી બાર દિવસ પહેલા મહિલાની કોહવાયેલી હત્યા કરાયેલી લાશનો પોલીસે ભેદ ઉકેલ્યો છે. મહિલાને તેનો જ પતિ ગળેટૂંપો દઇ મોતને ઘાટ ઉતારી નાસી ગયો હતો. રાજકોટ ક્રાઇમ બ્રાન્ચે ઉત્તરપ્રદેશનાં જંગલમાંથી આરોપીને ઝડપી જેલનાં સળીયા ગણતો કરી દીધો છે.

આ ઘટનામાં સંડોવાયેલા આરોપીનું નામ મોબીન જમીન અહેમદ છે. આરોપી મોબીન જમીન અહેમદ પર પત્નીની હત્યા કરવાનો આરોપ છે.

આરોપીને રાજકોટ ક્રાઇમ બ્રાંચની ટીમે ઉત્તર પ્રદેશના બેહરાઇચ જિલ્લાના તરાઇ જંગલ વિસ્તારમાંથી ઝડપી લીધો હતો.

૧૨ દિવસ પહેલા રાજકોટનાં કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં કારખાનાની ઓરડીમાંથી જાકીરાબાનુ ઉર્ફે કર્કીદ ચાંદઅલી ગદ્દીની હત્યા કરેલી લાશ મળી હતી.

પોલીસે તપાસ કરતા તેની હત્યા તેના જ પતિએ કરી હોવાની શંકા હતી. જોકે પતિ ફરાર હોવાથી પોલીસે ઉત્તરપ્રદેશ સુધી તપાસ શરૂ કરી હતી. જેમાં માહિતી મળી હતી કે, ઉત્તર પ્રદેશનાં જંગલમાં આરોપી છુપાયો છે. જેથી રાજકોટથી ભાગેલા મોબીનને ઝડપી લેવા ક્રાઇમ બ્રાંચના પીઆઇ બી.ટી.ગોહિલની ટીમના પીએસઆઇ સાકરિયા સહિતની ટીમ જંગલ વિસ્તારમાં દોડી ગઇ હતી અને વેશપલટો કરી મોબીનને ઝડપી લીધો હતો.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, મોબીનના અગાઉ લગ્ન થયા છે અને તેની પત્ની વતનમાં રહે છે. પત્ની હોવા છતાં પાંચ સંતાનોની માતા જાકિરાબાનુ સાથે પ્રેમ થતાં બંને એક વર્ષ પૂર્વે વતનથી રાજકોટ આવી ગયા હતા અને કોર્ટમેરેજ કરી લીધા હતા. જાકિરાબાનુ સાથે લગ્ન કરી લીધા અંગે પ્રથમ પત્નીને અજાણ રાખી હતી. ઈદની રજામાં વતન જવાનું મોબીને કહેતા જાકિરાબાનુને ડર લાગ્યો હતો કે, વતનમાં જઇને મોબીન તેની પત્નીને મળશે જેથી ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.

બીજીબાજુ પ્રથમ પત્ની સાથે છૂટાછેડા લઇ લેવા જાકિરાબાનુ મોબીન પર દબાણ કરતી હતી. જેથી ઉશ્કેરાઇને મોબીને જાકિરાબાનુની હત્યા કરી નાખી હતી.

હાલ પોલીસે આરોપીને ઝડપી જેલનાં સળીયા ગણતો કરી દીધો છે. હત્યા કરવા પાછળ પતિ-પત્ની વચ્ચે થયેલા ઝઘડામાં ગળાટૂંપો આપીને પત્નીને મોતને ઘાટ ઉતારી દીધી હોવાનું સામે આવ્યું છે. જોકે હત્યા પાછળ ગૃહ કલેશ જ જવાબદાર છે કે અન્ય કોઇ કારણ તે દીશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

# આણંદના તારાપુરમાં વૃદ્ધનું ગળુ કાપી હત્યા કરાઇ

આણંદ,

આણંદ જિલ્લાનાં તારાપુરની નાની ચોકડી નજીક ખાટલા વેચવાનો વેપાર કરતા વૃદ્ધ વેપારીની હત્યાનો ભેદ આણંદની એસઓજી પોલીસે ગણતરીનાં દિવસોમાં ઉકેલી નાખી હત્યારા આરોપીની ધરપકડ કરી પુછપરછ કરતા વૃદ્ધ સાથે સમલૈંગિક સંબધો ધરાવતા યુવકે સોનાની ચેઈનની લુંટનાં ઈરાદે હત્યા કરી હોવાનો પર્દાફાશ થયો હતો.

તારાપુરની નાની ચોકડી નજીક સિવિલ કોર્ટ નજીક દુકાનમાં ખાટલા વેચવાનો ધંધો કરતા ૭૪ વર્ષીય વૃદ્ધ વેપારી પિતાંબરદાસ નાઝુમલ મહેશ્વરીનું દુકાનની પાછળ મકાન આવેલું છે.

ગત તા.૨૯મી જુન ૨૦૨૩નાં રોજ પિતાંબરદાસ મહેશ્વરીની તેમનાં મકાનનાં ઉપરનાં માળે આવેલા રૂમમાંથી તેઓનું ગળુ કાપી હત્યા કરાયેલો લોહીથી લથપથ મૃતદેહ મળી આવ્યો હતો. જેથી તારાપુર પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધાયો હતો. ખંભાત ડીવીઝનનાં એએસપી અભિષેક ગુપ્તા એસઓજી અને એલસીબીની જુદી જુદી ટીમો દ્વારા હત્યાનાં ગુનાની તપાસ કરવામાં આવતા પોલીસને માહિતી મળી હતી કે મૃતક વૃદ્ધ પિતાબંરદાસ સાથે સમલૈંગિક સંબધો ધરાવતા શખ્સનો હાથ આ હત્યા પાછળ છે, જેથી પોલીસે સીસીટીવી કેમેરાનાં ફુટેજમાં એક અજાણ્યો યુવક શંકાસ્પદ ગણાતા પોલીસે તપાસ હાથ ધરી મળેલી બાતમીનાં આધારે ઉત્તરપ્રદેશ પોલીસની મદદથી એસઓજીની ટીમે ઉત્તરપ્રદેશનાં દેવરીયા જિલ્લાનાં ફતેપુર લેહદા ખાતેથી ગોવિંદ ઓમપ્રકાસ યાદવને ઝડપી લઈ તેને આણંદ એસઓજી કચેરીમાં લાવી પુછપરછ હાથ ધરી હતી.

એસઓજી પોલીસે પુછપરછ કરતા આરોપી ગોવિંદ યાદવ છેલ્લા થોડાક સમયથી મૃતક પિતાંબરદાસ સાથે સમલૈંગિક સંબધો ધરાવતો હતો. તેમજ પિતાબંરદાસ ગળામાં સોનાની ચેઈન પહેરતો હતો.

# સુપ્રીમ કોર્ટમાં જજ છે તિગ્માંશુ ધૂલિયાના ભાઈ

મુંબઈ,

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં જન્મેલા તિગ્માંશુ માત્ર ડાયલોગ રાઈટર જ નથી પણ તેઓ એક્ટર, ડિરેક્ટર, પટકથા લેખક, નિર્માતા અને કાસ્ટિંગ ડિરેક્ટર પણ છે. મતલબ કે તેઓ બહુ પ્રતિભાશાળી છે. તેમણે શાહરૂખ ખાનની ફિલ્મ ‘દિલ સે...‘ના ડાયલોગ્સ પણ લખ્યા છે અને તેમણે ‘પાન સિંહ તોમર‘ જેવી ફિલ્મ બનાવી છે કે જેને નેશનલ એવોર્ડ મળ્યો છે. તેમની ‘સાહેબ, બીવી ઔર ગેંગસ્ટર‘ને દર્શકોનો ઘણો પ્રેમ મળ્યો. ‘ગેંગ્સ ઓફ વાસેપુર‘માં તેમની જબરદસ્ત એક્ટિંગની પણ ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. તિગ્માંશુ ધૂલિયાના પિતા અલાહાબાદ હાઈકોર્ટમાં જજ હતા જ્યારે માતા પ્રોફેસર હતાં. તેમના ભાઈ સુધાંશુ ધૂલિયા સુપ્રીમ કોર્ટમાં અત્યારે જજ છે.

# સ્કૂલની શિક્ષિકા સાથે ભાગી ગઈ ૧૭ વર્ષની વિદ્યાર્થિની

જયપુર,

ચાર દિવસ પહેલા ૧૭ વર્ષીય છોકરી બિકાનેરના શ્રીડુંગરગઢ પોલીસ સ્ટેશનના હદમાં આવેલી સ્કૂલમાં ભણાવતી તેની ૨૧ વર્ષીય શિક્ષિકા સાથે ભાગી જતાં જબરદસ્ત હોબાળો થયો હતો. રવિવારના રોજ છોકરીના પરિવાર અને સ્થાનિકોએ ધરણા કર્યા હતા. શિક્ષિકા લઘુમતી સમાજમાંથી આવતી હોવાથી ધરણા કરનારે આ કેસને ‘લવ જેહાદ‘ ગણાવ્યો હતો. ૩૦ જૂને ધોરણ ૧૨માં આર્ટ્સ સ્ટ્રીમમાં ભણતી વિદ્યાર્થિની ગુમ થયા બાદ તેના માતા-પિતાએ ફરિયાદ નોંધાવી હતી, જેમાં તે તેની શિક્ષિકા સાથે ભાગી ગઈ હોવાનું કહ્યું હતું. જે બાદ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને ગમે તેમ કરી છોકરીને શોધી લાવવા કહ્યું હતું. આ સાથે શિક્ષિકાની ધરપકડ કરવા માટે પણ ડિમાન્ડ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે, છોકરી ૩૦ જૂને સ્કૂલે ગઈ હતી અને સાંજ સુધી ઘરે પરત ફરી નહોતી. તેના માતા-પિતાએ સંબંધીઓ તેમજ મિત્રોના ઘરે જઈને શોધખોળ કરી હતી પરંતુ રાત પડી ત્યાં સુધી તેની કોઈ ભાળ મળી નહોતી. પ્રાથમિક તપાસના રિપોર્ટમાં, તેમણે શિક્ષિકા પર છોકરીનું અપહરણ કરવાનો આરોપ લગાવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, તપાસ સૂચવે છે કે છોકરી અને તેની શિક્ષિકા ઘણા લાંબા સમયથી રિલેશનશિપમાં હતી અને દેખીતી રીતે બંને ભાગી ગયા હતા. અમે શિક્ષિકા સામે અપહરણનો કેસ નોંધ્યો છે. છોકરી સગીરા છે અને તેની ઉંમર ૧૭ વર્ષ અને પાંચ મહિના છે. જો તે શિક્ષિકા સાથે પોતાની મરજીથી ગઈ હોય તો પણ તે કાયદામાં માન્ય નથી.

# ટૂંકમાં કેન્દ્રીય કર્મીઓના એચઆરએમાં ત્રણ ટકાના વધારાની શક્યતા

નવી દિલ્હી,

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે સારા સમાચાર છે કે સરકાર જલદીએચઆરએએટલે કે હાઉસ રેન્ટ એલાઉન્સમાં ૩ ટકાનો વધારો કરી શકે છે. એચઆરએને જુલાઈ ૨૦૨૧માં રિવાઇઝ કરવામાં આવ્યું હતું. એચઆરએમાં વધારા બાદ સરકારી કર્મચારીઓના વેતનમાં તેના હાથમાં આવતો પગાર વધી જશે.

જુલાઈ મહિનાની શરૂઆત થઈ ગઈ છે. કેન્દ્રીય કર્મચારીના મોંઘવારી ભથ્થામાં વધારો થવાનો સમય આવી ગયો છે. કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકા જેટલો વધારો થઈ શકે છે. પરંતુ આ વખતે કર્મચારીઓને ડબલ ખુશી મળી શકે છે. કેન્દ્રીય કર્મચારીઓના હાઉસ રેન્ટ એલાઉન્સમાં પણ વધારો થઈ શકે છે. સરકારી કર્મચારીઓ જે શહેરમાં કામ કરે છે, તે આધાર પર એચઆરએ આપવામાં આવે છે. હાઉસ રેન્ટ એલાઉન્ટ સેલેરી ક્લાસ કર્મચારીઓ માટે છે જે ભાડાના મકાનમાં રહે છે. કર્મચારીઓના ઘરની જરૂરીયાત અને શહેરના આધાર પર ત્રણ કેટેગરીમાં વિભાજીત કરવામાં આવે છે.

૩ કેટેગરીમાં હોય છે એચઆરએઃ હાઉસ રેન્ટ એલાઉન્સ ત્રણ કેટેગરીમાં વિભાજીત છે. આ કેટેગરી એક્સ,વાયએને ઝેડ છે.

૧. એક્સકેટેગરીમાં ૫૦ લાખ તે તેનાથી વધુ વસ્તીવાળો વિસ્તાર આવે છે. આ કેટેગરીમાં આવનાર કર્મચારીઓને સાતમાં પગાર પંચ હેઠળ કેન્દ્રીય પગાર પંચની ભલામણ અનુસાર ૨૪ ટકા હાઉસ રેન્ટ એલાઉન્સ આપવામાં આવે છે.

૨. વાયકેટેગરીમાં ૫ લાખથી ૫૦ લાખની વસ્તીવાળો એરિયા આવે છે. અહીં રહેનાર કર્મચારીઓને બેસિક સેલેરીના ૧૬ ટકા એચઆરએ આપવામાં આવે છે.

૩. ઝેડકેટેગરી હેઠળ તે કર્મચારીઓ આવે છે, જ્યાં જનસંખ્યા ૫ લાખથી ઓછી છે. અહીં ૮ ટકા એચઆરએ આપવામાં આવે છે.

હવે કર્મચારીઓને એચઆરએવધીને એક્સ કેટેગરીમાં ૨૭ ટકા, વાઈ કેટેગરીમાં ૧૮ ટકા અને ઝેડ કેટેગરીમાં ૯ ટકા મળી શકે છે.

તો મોંઘવારી ભથ્થું ૫૦ ટકાની ઉપર પહોંચવા પર એચઆરએ વધીને ક્રમશઃ ૩૦ ટકા, ૨૦ ટકા અને ૧૦ ટકા થઈ જશે.



મોદી સરકાર એચઆરએમાં જલદી વધારો કરવાની છે. તે માટે સરકાર તરફથી પહેલા નોટિફિકેશન જારી કરી દેવામાં આવ્યું છે. આ સમયે કર્મચારીઓને મળનાર ડીએ ૪૨ ટકા છે. જુલાઈમાં ફરી ડીએમાં વધારો થશે. એવું માનવામાં આવી રહ્યું છે કે જુલાઈમાં ૪ ટકાના વધારા બાદ કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૪૬ ટકા થઈ જશે.

# બિહાર સરકારના મંત્રી સુરેન્દ્ર યાદવની હત્યા માટે ૧૧ કરોડની ઓફર

(સંપૂર્ણ સમાચાર સેવા)

પટના,

બિહાર સરકારના મંત્રી સુરેન્દ્ર યાદવને હત્યાની ધમકી મળી છે. તેમની હત્યા કરનારને ૧૧ કરોડ રૂપિયાનું ઈનામ આપવાની ખુલ્લી ઓફર સોશિયલ મીડિયા પર આપવામાં આવી છે. નીતીશ સરકારમાં આરજેડી ક્વોટામાંથી સહકારી મંત્રી સુરેન્દ્ર યાદવ રાષ્ટ્રીય જનતા દળના કદાવર નેતા છે. તેઓ લાલુ યાદવના નજીકના હોવાનું કહેવાય છે. ક્ષત્રિય સેવા મહાસંઘના ધનવંત સિંહ રાઠોડે સુરેન્દ્ર યાદવને મારી નાખવાની ધમકી આપી છે. ફેસબુક પોસ્ટમાં રાઠોડે સુરેન્દ્ર યાદવને ગુનેગાર ગણાવ્યો હતો અને તેની હત્યા કરનારને ૧૧ કરોડ રૂપિયા આપવાની વાત કહી છે.

મંત્રીને ધમકી આપવાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયો વાયરલ થયા બાદ મંત્રી સુરેન્દ્ર યાદવે ગયાના એસએસપીને પત્ર લખીને સુરક્ષાની ગુહાર લગાવી છે.

બિહાર સરકારમાં મંત્રી સુરેન્દ્ર યાદવે એસએસપીને પત્રમાં કહ્યું કે, તેઓ સાત વાર ધારાસભ્ય અને એક વાર સાંસદ રહ્યા છે. વિસ્તારમાં તેની લોકપ્રિયતા છે.આ સાથે જ તેઓ નક્સલ પ્રભાવિત વિસ્તારમાં રહે છે. તેથી તેમના જીવને જોખમ રહે છે. તેમણે કહ્યું કે ધનવંત સિંહ રાઠોડે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલો વીડિયો ઉશ્કેરણીજનક છે. વીડિયોમાં મને ગુનેગાર કહેવામાં આવ્યો છે અને મારી હત્યા કરનારને ૧૧ કરોડ રૂપિયાનું ઈનામ આપવાનું કહેવામાં આવ્યું છે. બિહાર સરકારના મંત્રીને ખુલ્લેઆમ ધમકી આપવી એ દર્શાવે છે કે તેમને કાયદાનો કોઈ ડર નથી.

આ સાથે જ મંત્રીએ એસએસપીને લખેલા પત્રમાં કહ્યું કે ધનવંત સિંહ રાઠોડ અગાઉ પણ જેલ જઈ ચૂક્યા છે. તે ગુનાહિત પ્રકૃતિનો વ્યક્તિ છે. સહકારી મંત્રીને જાનથી મારી નાખવાની ધમકીનો વીડિયો વાયરલ થયા બાદ ગયા પોલીસ એક્શનમાં આવી ગઈ છે.

પોલીસે આ મામલે ધનવંતસિંહ રાઠોડ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કિશોરની હત્યા કરનારા પોલીસના બચાવ માટે ફંડ એકત્રિત કરાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

પેરિસ, તા.૫

ફ્રાંસના જમણેરી નેતા મરીન લે પેનના ભૂતપૂર્વ સલાહકારે લોકો પાસેથી આ ફંડોળ એકઠુ કરવાનુ શરૂ કર્યુ છે અને અત્યાર સુધીમાં લોકોએ ૧૦ લાખ ડોલરનો ફાળો તેમાં આપ્યો છે. ગયા અઠવાડિયે ૧૭ વર્ષના કિશોરની હત્યા બાદ સમગ્ર ફ્રાન્સમાં રમખાણો થઈ રહ્યા છે. તોફાનીઓ ઈમારતો અને વાહનોને આગ લગાવી રહ્યા છે અને દુકાનો અને બેંકોને લૂંટી રહ્યા છે. બીજી તરફ ફ્રાંસમાં ડાબેરી નેતાઓએ ભંડોળ ઉઘરાવવાના અભિયાનની નિંદા કરી છે. ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની પાર્ટીના એરિક બોથોરેલે ટ્વિટર પર લખ્યું છે કે, પોલીસ અધિકારીની તરફેણમાં આ રીતે ફાળો ઉઘરાવવાથી રમખાણો વધશે. નાહેલની હત્યા કરનાર પોલીસકર્મી માટે લાખો યુરોનું ભંડોળ ઉઘરાવવુ તે નિંદનીય કૃત્ય છે. સોશિયલિસ્ટ પાર્ટીના વડા ઓલિવિયર ફૌરે જે સાઈટ પર આ ભંડોળ ભેગુ કરાઈ રહ્યુ છે તે સાઈટને આ અભિયાન રોકવા માટે અપીલ કરી છે.

ફ્રાન્સમાં સોમવારે છ દિવસ પછી તોફાનીઓનુ જોર ઘટયુ છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર ગઈ કાલે રાત્રે વધુ ૧૫૭ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. તોફાનો કરનારા ૩૮૮૦ લોકોની અત્યાર સુધી ધરપકડ કરાઈ છે.

પોલીસ ફાયરિંગમાં જેનુ મોત થયુ હતુ તે ૧૭ વર્ષનો કિશોર નાહેલ અલ્જેરિયન મૂળનો હતો. એ પછી તેની હત્યાના વિરોધમાં તોફાનો ફાટી નીકળતા ૪૫,૦૦૦ પોલીસ અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. ફ્રાન્સમાં રાતોરાત ૨૯૭ વાહનો અને ૩૪ ઈમારતોને સળગાવી દેવામાં આવી હતી.

# બેયરસ્ટોની વિવાદાસ્પદ વિકેટ રમતની ભાવના વિરુદ્ધઃ ઋષિ સુનક

(સંપૂર્ણ સમાચાર સેવા)

લોર્ડસ,

ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી લોર્ડ્સ ટેસ્ટ મેચ ખૂબ જ રોમાંચક રહી હતી. અંતે ઓસ્ટ્રેલિયન ટીમે આ ટેસ્ટ મેચ ૪૩ રને જીતી લીધી હતી. જો કે મેચના ૫માં દિવસે જોની બેયરસ્ટોની વિકેટને લઈને ઘણો વિવાદ થયો હતો. મેચ બાદ ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સે તેને સંપૂર્ણ રીતે યોગ્ય ઠેરવ્યું હતું, જ્યારે ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે તેને રમતની ભાવના વિરુદ્ધ ગણાવ્યું હતું.

હવે આ મામલે બ્રિટનના પીએમ ઋષિ સુનકે પણ એન્ટ્રી કરી છે, તેમણે પોતાની ટીમના પક્ષમાં નિવેદન જાહેર કર્યું છે. મીડિયા સાથે પોતાનું નિવેદન શેર કરતા બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનકના પ્રવક્તાએ કહ્યું કે બેયરસ્ટોની વિવાદાસ્પદ રીતે આઉટ થવું રમતની ભાવના વિરુદ્ધ છે.

ઈંગ્લેન્ડના પ્રધાનમંત્રી તેમની ટીમના કેપ્ટન બેન સ્ટોક્સના નિવેદન સાથે સંપૂર્ણ રીતે સહમત છે, જેણે કહ્યું હતું કે તેઓ ઓસ્ટ્રેલિયન ટીમની જેમ આ રીતે કોઈ મેચ જીતવા માંગતા નથી. મને ખાતરી છે કે અમે હેડિંગ્લે ટેસ્ટમાં વાપસી કરીશું.

જોની બેયરસ્ટોના આઉટ થયા બાદ ઓસ્ટ્રેલિયાની ટીમને સ્ટેડિયમની અંદર ઈંગ્લેન્ડ ટીમના પ્રશંસકોના ગુસ્સાનો સામનો કરવો પડ્યો હતો.

જ્યારે ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ લંચ પર લોર્ડ્સના મેદાનના લોંગ રૂમમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એમસીસી સભ્યોની ટિપ્પણીના કારણે તેમની સાથે ચર્ચા થઈ હતી.

આ ઘટના પર બ્રિટનના પીએમ ઋષિ સુનકે કહ્યું કે, એમસીસીએ આ ઘટનામાં ઝડપી કાર્યવાહી કરીને ખૂબ જ યોગ્ય પગલું ભર્યું છે.

તેમણે નાથન લિયોન માટે બેટિંગ સમયે એમસીસી સભ્યો દ્વારા મળેલા સ્ટેન્ડિંગ ઓવેશનને પણ ખેલદિલીનું ઉદાહરણ ગણાવ્યું હતું. આ મેચમાં બેન



સ્ટોક્સની ૧૫૫ રનની ઈનિંગને લઈને પીએમે કહ્યું કે તેમને સ્ટોક્સની શ્રેષ્ઠ ઈનિંગ્સમાંથી એક જોવાનો મોકો મળ્યો.

# ચાર વર્ષે ડીગ્રી બાદ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી માટે માત્ર એક વર્ષનો અભ્યાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર,

નવી શિક્ષણ નીતિ અંતર્ગત ગુજરાતની તમામ ખાનગી અને સરકારી યુનિવર્સિટી, કોલેજ તથા માન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં કોમન કરીક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્ક દાખલ કરવા સંદર્ભે આજે કેબિનેટ બેઠકમાં રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કોમન કરીક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્કની અમલવારી થકી ૧૫મી જૂન ૨૦૨૩થી પ્રવેશ મેળવનાર તમામ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને લાભ થશે.

શિક્ષણ વિભાગ દ્વારા આ સંદર્ભે વિસ્તૃત ઠરાવ બહાર પાડવામાં આવશે. જેનો રાજયની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી ફરજીયાતપણે કરવાનો રહેશે. હવેથી જે વિદ્યાર્થીઓ ચાર વર્ષની સ્નાતક ઓનર્સ/રીસર્ચ ડીગ્રી મેળવશે, તેમણે પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી માટે માત્ર એક જ વર્ષ અભ્યાસ કરવાનો રહેશે.

ઋષિકેશ પટેલે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, એનઈપી-૨૦૨૦ની વિવિધ જોગવાઈઓમાંથી એક કોમન કરીક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્કને સુદ્રઢ બનાવવા આ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

જે અંતર્ગત પ્રતિ સેમેસ્ટર ૨૨ ક્રેડીટનું માળખું નક્કી કરવામાં આવ્યુ છે. વિદ્યાર્થીઓ ત્રણ વર્ષના અંતે કુલ ૧૩૨ અને ચાર વર્ષના અંતે કુલ ૧૭૬ ક્રેડીટ પ્રાપ્ત કરી શકશે.

આ સંદર્ભનો ડ્રાફ્ટ ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ/ કોલેજો/ વાઈસ ચાન્સેલરઓ/ આચાર્યઓ/ અધ્યાપકઓ/ અન્ય તમામ પ્રજાજનો માટે વિવિધ શૈક્ષણિક સંગઠનો અને વિદ્યાર્થી સંગઠનો સમક્ષ સરકારના શિક્ષણ વિભાગ માટે જાહેરમાં મુકવામાં આવ્યો હતો.

જેમાં ૪૭ સ્ટેકહોલ્ડર્સ પાસેથી કુલ ૧૯૭ સૂચનો પ્રાપ્ત થયા છે. જેને ધ્યાને લેતાં કોમન કરીક્યુલમ અને ક્રેડીટ ફ્રેમવર્કનો સરકારી ઠરાવ આખરી કરવામાં આવ્યો છે. તમામ સૂચનો ધ્યાનમાં લઈ શિક્ષણ વિભાગ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં કોમન કરીક્યુલમ અને ક્રેડીટ ફ્રેમવર્કનો સરકારી ઠરાવ બહાર પાડવામાં આવશે.

ત્યારબાદ તેના અમલીકરણ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર પણ જાહેર કરવામાં આવશે. જેનો અમલ ગુજરાતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વર્ષ ૨૦૨૩-૨૪થી ફરજીયાતપણે કરવાનો રહેશે.

તેમણે ઉમેર્યુ કે, યુજી સર્ટીફીકેટ, યુજી ડીપ્લોમા, ત્રણ વર્ષનો ડીગ્રી પ્રોગ્રામ જેમાં સ્નાતક કક્ષાની ડીગ્રી, સ્નાતક કક્ષાની ઓનર્સ, તથા સ્નાતક રીસર્ચ કક્ષાની ડીગ્રીઓ, એનાયત કરવામાં આવશે. આ માળખામાં મેજર (કોર) મુખ્ય પાઠ્યક્રમ રહેશે. ગૌણ વિષયમાં માઈનર ઈલેકટીવ, મલ્ટીડિસિપ્લીનરી (બહુવિદ્યાશાખાકીય), સંલગ્ન સબંધિત કોર્સિસનું બાસ્કેટ પણ રહેશે.

# ગોદરા વિસ્તારમાં ૬ મકાનો ધરાશાયી, બે બાળકો સહિત ૩ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
જેતપુર,

જેતપુરના ગોદરા વિસ્તારમાં ૬ મકાનો ધરાશાયી થવાની ઘટના બની છે. અહીં ઉપરવાસમાં ભારે વરસાદ થતાં ગઢની રાંગની ભેખડ ધસી પડતાં આ દુર્ઘટના સર્જાઇ હતી. જેમાં ૬ વ્યક્તિઓ દટાયા હોવાની વિગતો સામે આવી છે. આ દુર્ઘટનામાં બે બાળકી અને એક વૃદ્ધનનું મોત નિપજયાની પુષ્ટી થઈ છે. ત્યાં જ કાટમાળ નીચે ફસાયેલા લોકોનું રેસ્ક્યુ હાથ ધરાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જેતપુરના ગોદરા વિસ્તારમાં ઉપરવાસમાં ભારે વરસાદ થતાં વર્ષોજૂની ગઢની રાંગની ભેખડ ધસી પડતાં આ દુર્ઘટના સર્જાઇ હતી. જેમાં બે બાળકી અને એક વૃદ્ધ મહિલાનું મોત નિપજ્યું છે. ત્યાં જ શોધખોળ માટે સ્થાનિકો અને પોલીસ જહેમત કરી રહી છે. બીજી તરફ આ ઘટનાની જાણાકારી મળતા જ ધારાસભ્ય જયેશ રાદડિયા ઘટના સ્થળે પહોંચ્યા છે.જેતપુરના ગોદરા વિસ્તારમાં આવેલ ૬ જેટલા જર્જરિત મકાનો ધરાશાયી થયા છે. અંદાજે ૧૦૦ વર્ષ જુના ૬ મકાનો ધરાશાઈ થતા મકાનમાં હાજર ૬ વ્યક્તિઓ દટાયા હોવાની વિગતો સામે આવી રહી છે. ત્યા જ ૨ નાના બાળકો સહિત ૩નું રેસ્ક્યુ હાથધરાયુ છે. ત્રણેય ઈજાગ્રસ્તોને હાલમાં સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જોકે સરકારી હોસ્પિટલ માં સારવાર દરમ્યાન એક નાની બાળકીનું મોત નિપજયું છે. અન્ય ૨ ફસાયેલા વ્યક્તિઓનું રેસ્ક્યુ ઓપરેશન હાલમાં ચાલી રહ્યું છે. કાટમાળ નીચે ફસાયેલાઓની શોધખોળ માટે સ્થાનિકો અને પોલીસ રેસ્ક્યુ ઓપરેશન પાર પાડી રહી છે.

આ ઘટનામાં આઠ વ્યક્તિને જેતપુર સરકારી હોસ્પિટલ સારવાર અર્થ ખસેડવામાં આવ્યા છે. જેમાં વૃદ્ધા જયાબેન રાજુભાઈ મકવાણા (ઉ.વ. ૫૦) અને બે બાળકી મેઘના અશોકભાઈ મકવાણા (ઉ.વ. ૧૦) અને સિદ્ધિ વિક્રમભાઈ શાસડા (ઉ.વ. ૭) વર્ષીયના મોત અને પાંચ ઈજાગ્રસ્ત સારવાર હેઠળ છે.












Printer / Publisher / Owner & Editor : NIKITA R. SAXENA • Printed At :- PAVANPUTRA OFFSET., G.I.D.C., SECTOR-28, GANDHINAGAR, GUJARAT - 382028
Published - 45, KONARK SOCIETY, NEAR, SUNDARAM COMPLEX, EX. JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD - 380019.